અપીલ અરજી નં.૧૭૪ તા.૧–૯–૦૮

અરજદારઃ શ્રી રતિલાલ એમ. દામકીયા
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

## હુકમઃ–

વિષયઃ– અરજદારની તા.૨૨–૮–૦૮ ની આઈ ડી.નં.૫૪૦ સંદર્ભે તા.૧–૯–૦૮ ના પત્રમાં જણાવેલ વિગતથી નારાજ હોવાથી અપીલ કરવા બાબત.

સંદર્ભઃ–આપના તા.૧૭–૯–૦૮ ના અપીલ નં.૧૭૪ /૦૮–૦૯

શ્રી રતિલાલ એમ. દામકીયા સુરત મહાનગરપાલિકા સ્ટાફ યુનિયન,સુરતની તા.૨૨–૮–૦૮ ની આઈ ડી.નં.૫૪૦ સંદર્ભે નં.જીએડી/ઈએસટી/૨૧૫૫ તા.૧–૯–૦૮ ના પત્રમાં જણાવેલ વિગતથી મળેલા પ્રતિભાવથી નારાજ થઈને એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૮ તા.૨૫–૯–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી જીએડી/ઈએસટી/૨૬૪૬ તા.૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે જયારે અરજદારે અપીલ અંગેનું નિયત ફોર્મ રજુ કરેલ છે પરંતુ તેની સાથે કોઈ વાજબીપણું રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીમાં સુરત મહાનગરપાલિકા ઘણી કેડરો હોવાથી તેઓના પગાર ધોરણ મુજબ મર્જ કરવાની કાર્યવાહી ચાલુ છે તો તેનો અમલ કરવામાં આવેલ છે કે કેમ? વોચમેનને સીકયુરટી ગાર્ડની જગ્યા ઉપર મુકવાનો અમલ ચાલુ હોય તો કેટલા વોચમેનને સીકયુરીટી ગાર્ડમાં મર્જ કરવામાં આવ્યા તેની સંખ્યા દર્શાવવો. અરજદારને સદર અરજી અંગેની માહિતી નિયત સમય મર્યાદામાં નંફજીએડી/ઈએસટી/૨૧૩૬ તા.૩૦–૮–૦૮ રૂા.૨/– નિયત ફી ભરી મેળવવા જણાવેલ.તે અરજદારે મેળવેલ છે. જેમાં ઠરાવ નં.૬૫૧/૯૭ ની નકલ છે. જેમાં વોચમેનની અલગ અલગ ખાતાઓમાં૪૦ અને વોચ એન્ડ વોર્ડમાં ૬ ઝગ્યાઓ ખાલી છે જે મહેકમ શીડયુલમાંથી કમી કરી અગર એમ્બેયન્સમાં રાખીને ખાનગી એજન્સીઓનો સીકયુરીટી સ્ટાફ રોકવાની ઠરાવમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી વોચમેનોને સીકયુરીટી કાર્ડમાં મર્જ કરવા અંગેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે કાર્યવાહીને લગતાં પ્રશ્નો અં ગે રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દાઓ નં.૧ અને ૪ અંગેની માહિતી અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ઈન્સ્પેકશન પુરું પાડી માંગે તે નકલો તથા મુદ્દા નં.૫ ની નહીં પૂરી પડાયેલ માહિતી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (સુમન શાળા સેલ)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, મધ્યસ્થ મહેકમ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રતિલાલ એમ. દામકીયા,,